# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
## સુરસાગર ડેરી,
" ઠાકરધણી સુરસાગર ભવન ", ૨૪૯, જી.આઈ.ડી.સી., ફેઈઝ – ૨, આંબાવાડી, વઢવાણ – ૩૬૩ ૦૩૫

એસએસડી/એસએનઆર/સીએસ/મંડળી/બીએમસી–પરિપત્ર/૨૦૨૬/ તા.૨૫/૦૪/૨૦૨૬

## :: <u>પરિપત્ર</u> ::

આથી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સુરસાગર ડેરી,વઢવાણ સાથે સંયોજીત તમામ દૂધ સહકારી મંડળીઓના પ્રમુખ–મંત્રીઓ તથા ખાસ બલ્ક યુનિટ ધરાવતી દૂધ મંડળીઓના પ્રમુખ/મંત્રી તથા સંચાલકોને જણાવવાનું કે, ઉનાળાની ગરમીની સીઝનમાં દૂધની ગુણવતા ઉપર વિપરીત અસર થાય છે તે માટે દૂધ સારી સ્થિતીમાં રહે તે માટે નિયત ટેમ્પરેચર જાળવવું. તેમજ ટેમ્પરેચર મીટરમાં અને બહાર મેન્યુઅલી રીતે ચેક કરવું. ખરીદેલ દૂધના વજન,ફેટ,એસએનએફ ડેરી પ્લાન્ટ,વઢવાણ ખાતે ખરીદી મુજબ મળી રહે તે રીતે દૂધ કલેકશન કરવાનું રહેશે. જો દૂધ ખરીદી મુજબ ડેરી પ્લાન્ટ,વઢવાણ ખાતે વજન,ફેટ,એસએનએફ માં વેરીએશન જણાશે કે સેમ્પલ ટીમ/બીએમસી માર્કીંગ ટીમની મુલાકાત દરમ્યાન વેરીએશન જણાશે તો દૂધ ન સ્વીકારવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. જેથી દુધ મંડળીઓ સાથે જોડાયેલ પશુપાલકોના હિતને ધ્યાને લઈ દૂધની ખરીદીમાં તથા દૂધની ગુણવતા ઉપર ખાસ ધ્યાન આપવા જણાવવામાં આવે છે.

### ❖ <u>બલ્કયુનિટ ધરાવતી મંડળીઓએ રાખવાની થતી વિશેષ કાળજીઓ.</u>

૧ સમયસર દૂધ મંડળી પર દુધનું કલેકશન શરૂ કરવું તેમજ ફેટોમેટીક મશીન વહેલા શરૂ કરવું. ફેટોમેટીક મશીન અને વજનકાંટાનું નિયમીત મેળવણું કરવું.

૨ મંડળીઓ ઉપર દૂધના વાસણોની યોગ્ય સાફ સફાઈ રાખવી.

૩ દૂધ ગાળીને તેમજ પલટાવીને સ્વીકારવાનો આગ્રહ રાખવો. બંન્ને ટંક નિયમીત રીતે દૂધ ચાખીને સુઘીને એલ.આર ,ફેટ ચેક કર્યા બાદ નિયત ગુણવતા જણાય તો જ દૂધ સ્વીકારવું.

૪ બીએમસીના ડ્રમ ટેન્ક ભરાવાની રાહ જોયા સિવાય દૂધ આવે તરત જ બીએમસી ટેન્કમાં જવા દઈ તાપમાન જાળવવું.

૫ દૂધ ખરીદી મુજબ ડેરી પ્લાન્ટ,વઢવાણ ખાતે વજન,ફેટ,એસએનએફ મળી રહે તે રીતે દૂધ કલેકશન કરવું. બંન્ને ટંક જવાબદાર કર્મચારીએ હાજર રહેવું તેમજ દૂધ વધના ૨.૭૫% અને ટંક રીપોર્ટ મુજબના ફેટની એન્ટ્રી બીએમસી વેઈટશીટમાં કરવી.

૬ બીએમસી પ્રોગ્રામમાં અચુક એન્ટ્રી કરવી મેન્યુઅલી લખાણ ન મોકલવું.

૭ કાર્યક્ષેત્ર વિસ્તારમાંથી આવતા ગ્રાહકોનું દૂધ સ્વીકારવું, હલકી ગુણવતા વાળું વાસી કે ઠડું દૂધ ન સ્વીકારવું.

૮ દૂધ મંડળીઓ/બલ્ક યુનિટ ઉપર લગાવેલ કોમ્પ્યુટર સીસ્ટમ, એએમસીએસ,વગેરે ઈન્વટર બેટરી ઉપર ચલાવી શકાય તેવી વ્યવસ્થા કરવી.

પાનાનં.૨.ઉપર...

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
## સુરસાગર ડેરી,
" ઠાકરધણી સુરસાગર ભવન ", ૨૪૯, જી.આઈ.ડી.સી., ફેઈઝ – ૨, આંબાવાડી, વઢવાણ – ૩૬૩ ૦૩૫




૯ બલ્ક યુનિટ ધરાવતી મંડળીઓ ઉપર સ્ટેબીલાયઝર,પેનલ બોર્ડ, કોમ્પ્રેસર યુનિટ વગેરેને પાણીથી બચાવવું.

૧૦ મંડળી– બીએમસી પર ગ્રાહકોનું સ્વચ્છ દૂધ જ સ્વીકારવું. ગરણી તેમજ ફીલ્ટરનો ઉપયોગ ફરજીયાતપણે કરવો. તેમજ હોસ પાઈપ સાથે ફીલ્ટર ફરજીયાત રાખવાનું રહેશે. તેમજ તેમાં માખી મચ્છર અને દેડકાંઓ અંદર ન જાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.

૧૧ દૂધ ટેન્કર મંડળીના સ્થળ પર આવે ત્યારે મંડળીના સંચાલકોએ ટેન્કર અંદરની સફાઈ જોયા બાદ જ દૂધ ટેન્કરમાં ભરવાનું રહેશે. જો ટેન્કરની સફાઈ બરોબર ન જણાય તો દૂધ ટેન્કરમાં મોકલવું નહી.

૧૨ બલ્ક યુનિટ ધરાવતી મંડળીઓએ જનરેટરમાં ડીઝલનો પુરતો સ્ટોક રાખવો.બેટરી ચાર્જ રાખવી, તથા જરૂરી ટેસ્ટીંગ કરી ચાલુ કરી ચેક કરી લેવું જેથી વિજળી જાય તો પણ બલ્ક યુનિટમાં રહેલ દૂધનો જથ્થો બગડે નહી.

૧૩ દૂધ કલેકશન પુર્ણ થયા બાદ મેઈન સ્વીચ બોર્ડ,એમ.સી.બી,ઈન્વર્ટર સંપુર્ણ રીતે બંધ કરી દેવા.
દૂધ મંડળી તેમજ બીએમસીનો વહિવટ અમૂલ પેટર્ન મુજબ કરવા ખાસ સુચના છે.

**મેનેજીંગ ડીરેકટર**

**<u>સવિનય નકલ રવાના :</u>**

(૧) પ્રતિ, શ્રી ચેરમેન સાહેબ / વાઈસ ચેરમેનશ્રી તથા તમામ બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ :– જાણ સારૂ

(૨) પ્રતિ,શ્રી મેનેજીંગ ડીરેકટર સાહેબ, જી.સી.એમ.એમ.એફ.લી.,આણંદ :– જાણ સારૂ

**<u>નકલ રવાના</u> :**

(૧) પ્રતિ, શ્રી પ્રમુખ/મંત્રી તમામ દૂધ મંડળીઓ :– જાણ તથા સુચનાઓનું પાલન કરવા સારૂ.

(૨) પ્રતિ,શ્રી તમામ ક્ષેત્રગામી કર્મચારીઓ તરફ :– જાણ તથા મંડળીઓને મદદરૂપ થવા સારૂ.

(૩) પ્રતિ,શ્રી વિભાગીય વડા લેબ/પ્લાન્ટ :– જાણ સારૂ.